<table>
<tr><td rowspan="5">GJKT020025542023</td><td rowspan="5">सत्यमेव जयते</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૯/૦૩/૨૦૨૩</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૨૯/૦૩/૨૦૨૩</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૧૪/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૩</td><td>૦૧</td><td>૧૭</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**

## FORM : A

**ના.શ્રી ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર :૨૦૦૪/૨૦૨૩**

**આંક–બી/૮૩**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઇ.આર. નંબર | **ભુજ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન, સી. પાર્ટ પ્રોહી. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૪૨૨૧૧૫૬૬/૨૦૨૧** |
| ગુન્હો | **જુગાર અટકાયતી અધિનીયમ ની કલમ–૪, ૫ મુજબ તથા ઇ.પી.કો.ની કલમ ૧૮૮ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી એ.એન.ઠાકોર** |
| **આરોપીઓ** | **૧.વાસંતીબેન ઉર્ફે ગોરાણીમા પ્રવિણભાઇ પુરોહીત**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૬૫<br>રહે.સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ<br>**૨. ઉર્મિલાબેન ઉર્ફે નનકી અશોકભાઇ સોની**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૩૩<br>રહે. સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ<br>**૩. ગજરાજબા જોરુભા ચૌહાણ**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૪૦<br>રહે. સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ |

| | |
|---|---|
| | **૪. રૂપાબા ઉર્ફે રૂપકુવર ઇન્દ્રસિંહ સોઢા**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૩૭<br>રહે. મફતનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ<br>**૫. જયશ્રીબેન ઉર્ફે નિતાબેન નંદલાલ સોની**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૩૯<br>રહે. બળદિયા રોડ,નારણપર તા–ભુજ–કચ્છ<br>**૬.ગીતાબા ખેંગારજી જાડેજા**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૪૩ રહે. મોમાઇ માતાના મંદીર પાસે, માનકુવા તા–ભુજ–કચ્છ<br>**૮. ફરીદાબેન ઉર્ફે ઈસ્માઈલ રાયમા**<br>ધંધો–ઘરકામ, ઉ.વ.૩૫<br>રહે. મહાદેવનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ<br>**૯. ઈબ્રાહિમ આદમ હિંગોરા**<br>ધંધો–મજુરી૧, ઉ.વ.૩૬<br>રહે. મહાદેવનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી પી.આર.ગઢવી** |

## **FORM–B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૯/૭/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | ૯/૭/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૯/૨૦૨૧ |
| પ્લી નોંધ્યાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૧૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ કોઇ હોય તો | – |

## **આરોપીઓની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૩. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૪. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૫. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૬. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૮. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |
| ૯. | ઉપર મુજબ | ૯/૭/૨૦૨૧ | ૯/૭/૨૦૨૧ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## FORM–C

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | કિશોરસિંહ બળદેવસિંહ જાડેજા | ત.ક.અ. | ૭૪ |
| ૨. | ઉર્વશી કુંદનલાલ રાજગોર | સાહેદ | ૭૯ |
| ૩. | ક્રિશાબેન હિરજીભા કેરાઈ | સાહેદ | ૮૦ |
| ૪. | અજય ઉમિયાશંકર ગોર | પંચ સાહેદ | ૮૧ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મકાનના લાઇટબીલની નકલ | ૭૫ |
| ૨. | ફરીયાદ | ૭૬ |
| ૩. | જુ.ધા. કલમ–૬ મુજબનુ વોરંટ | ૭૭ |
| ૪. | જાહેરનામુ | ૭૮ |
| ૫. | પંચનામુ | ૮૨ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૯/૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે ભુજ તાલુકાના મિરઝાપર ગામે સદજાનંદનગરમાં આરોપી નં.૧ના રહેણાંક મકાને, આ કામના આરોપીઓ ગંજીપાના વડે રૂપીયાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂ.૨૬,૪૩૦/– તથા મોબાઇલ નંગ–૯ કિ.રૂ.૨૫,૫૦૦/– તથા ગંજીપાના નંગ–૫૨ કિ.રૂ.૦૦/૦૦ એમ કુલ્લ કિ.રૂ.૫૧,૯૩૦/– મુદામાલ સાથે પકડાઇ જઇ જુગાર અટકાયતી અધિનીયમની કલમ–૪,૫ તથા આઇ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપીઓ સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઇ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ−૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી નં. ૧ થી ૬ અને ૮ અને ૯ વિરુધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધેનું નિવેદન/પ્લી આંક−૪૮ થી ૫૫ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩.૧) સદર કેસ જુનો હોઈ અને આરોપી નં.૭ બીન જામીન લાયક વોરંટ વારંવાર પ્રોસેસ કરવા છતા ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય જે બજાવવા પુરતા પ્રયત્ન કરવા છતા સદર આરોપી નં. ૭ ના. કોર્ટ સમક્ષ હાજર રહેતા ન હોય અને નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેમ ન હોય અને તેઓની ગેરહાજરીના પરીણામે અન્ય આરોપીને ધકકા ખાવા પડતા હોય અને તેઓ સામેની ન્યાયિક કાર્યવાહીમાં વિલંબ પડે તેમ હોય જેથી આરોપી નં.૭ સિવાયના આરોપીઓના વિ. વકીલ શ્રીએ સેપરેટ ટ્રાયલ ચલાવવા માટે (અલગ ચાર્જશીટ કરવા અંગેની) અરજી આપેલ હોય જે આંક−૪૩ વાળી અરજી મંજુર કરી ન્યાયના હિતમાં આરોપી નં.૭ વિરુદ્ધ સેપરેટ ટ્રાયલ ચલાવવાની (અલગ ચાર્જશીટ કરવા અંગેની) અરજી મંજુર કરવામાં આવેલ

અને પી.આઇ. શ્રી ભુજ એ ડીવી. પો.સ્ટે. નાઓને સદર આરોપી સામે અલગ ચાર્જશીટ કરવા જાણ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઇ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં કિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે તે હકીકતનો ઇન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે આવો કોઈ ગુનો કરેલ નથી ખોટી રીતે સંડોવેલ છે આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. પરંતુ પોતાના કથનના સમર્થનમાં કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળી.

(૬) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદાઓ ::–</u>**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૦૯/૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યાના સુમારે ભુજ તાલુકાના મિરઝાપર ગામે સદજાનંદનગરમાં આરોપી નં.૧ના રહેણાંક મકાને, આ કામના આરોપીઓ ગંજીપાના વડે રૂપીયાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂ.૨૬,૪૩૦/– તથા મોબાઇલ નંગ–૯ કિ.રૂ.૨૫,૫૦૦/– તથા ગંજીપાના નંગ–૫૨ કિ.રૂ.૦૦/૦૦ એમ કુલ કિ.રૂ.૫૧,૯૩૦/– મુદામાલ સાથે પકડાઇ જઇ જુગાર અટકાયતી અધિનીયમની કલમ–૪,૫ તથા

આઇ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>નિર્ણય :–</u>** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>**

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :–</u>**

(૮) આ કામના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષે આ કામના ત.ક.અ. કિશોરસિંહ બળદેવસિંહ જાડેજાને આંક–૭૪થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૦૯.૦૭.૨૧ ના રોજ એ ડિવી. પો.સ્ટે. એ.એસ.આઇ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહીત રે. સહજાનંદનગર મિરઝાપર રોડ ભુજ વાળા પોતાના રહેણાંકના મકાનમાં બહારથી ખેલીઓને બોલાવી તિનપત્તીનો હાર જીતનો જુગાર રમાડે છે. જે બાબતે રેડ કરવાની હોઈ નાયબ પો. અધિક્ષક શ્રી ભુજ વિભાગનાઓ પાસેથી રીપોર્ટ આપી વોરંટ નં. ૦૯–૨૧, તા.૦૯.૦૭.૨૧ વાળો પી.એસ.આઇ. સાહેબના નામનુ જુગાર ધારા કલમ ૬ મુજબનું વોરંટ મેળવીને બે પંચોના માણસો જેમા ૧. અજય ઉમિયાશંકર ગોર તથા ૨. અંજલી અશ્વિનભાઈ ગૌર રે. બન્ને ભુજ વાળાઓને પો. સ્ટે. બોલાવી, બાતમી અંગે સમજ કરી, પ્રથમિક પંચનામુ કરેલ. કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહોતી, બાતમી વાળી જગ્યાએ પોલિસ સ્ટાફ સાથે બે ખાનગી ફોર વ્હિલ વાહનોમાં બેસી સાથે રવાના થઇ મોટા બંધ થઇ કોલેજ રોડ થઇ પ્રિન્સ રેસીડેન્સી ત્રણ

રસ્તાથી મિરઝાપર હાઇવે પોલિસ ચોકી પાસેથી સહજાનંદ નગરમાં આવેલ વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહીતના મકાનમા જઈ એક સ્ત્રી એ દરવાજો ખોલતા પોતે પોતાનુ નામ વાસંતિબેન ઉર્ફે ગોરાણીમા પ્રવિણભાઈ પુરોહિત હોવાનુ જણાવેલ અને મજકુર સ્ત્રીને જુ.ધા. કલમ ૬ ના વોરંટની સમજ કરી મકાનની અંદર કુડાણુ કરી ગંજીપાનાવડે જુગાર રમતા હોઈ અને વચ્ચે છુટાછવાયા ભારતિય ચલણ ના અલગ અલગ દરની નોટો વેર વિખેર પડેલ છે જેથી જુગાર રમતી મહિલાઓને સાથેના પોલિસ સ્ટાફ દ્વારા કોર્ડન કરી લઈ કુંડાળુ વાળી બેઠેલ મહિલાઓ અને પુરૂષને વારાફરથી પુછપરછ કરતા મહિલા કર્મચારી દ્વારા ઝડતી તપાસ કરાવતા તેમના કબ્જામાંથી મળેલ.ચીજવસ્તુ પંચનામાની વિગતે કબ્જે કરેલ.

જેમાં, પ્રથમ મહિલાનું નામ પુછતા પોતાનુ નામ, વાસંતીબેન ઉર્ફે ગોરાણી પ્રવિણભાઈ પુરોહિત રે સહજાનંદ નગર મિરઝાપર તા ભુજ વાળા હોવાનું જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૮૩૦/– તથા સાદો મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

બીજા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ઉર્મિલાબેન ઉર્ફે નનકી અશોકભાઈ સોની વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૩૩૬૦/– તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

ત્રીજા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ગજરાબા જોરૂભા ચૌહાણ વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૨૨૩૦/– તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

ચોથા મહિલાનું નામ પુછતા તેણે પોતાનુ નામ, રૂપાબા ઉર્ફે રૂપકુંવર ઇન્દ્રસિંહ સોઢા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૮૨૦/– તથા એક મોબાઈલ

તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

પાંચમા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, જયશ્રીબેન ઉર્ફે નીતાબેન નંદલાલ સોનીવાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૪૩૯૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

છઠ્ઠા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ગીતાબા ખેંગારજી જાડેજા વાળા  હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતા. તેના પાસેથી રોકડ રૂપિયા ૩૧૯૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ.

સાતમી મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, હમિદાબેન ઈસ્માઈલ લુહાર વાળા હોવાનું જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૪૬૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

આઠમી મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ફરીદાબેન રમજુ રાયમા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૫૨૬૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

નવમો ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ઈબ્રાહિમ આદમ હિંગોરા વાળા  હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૨૧૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ, આ તમામ વ્યકિતઓને જે જગ્યા પર ગંજીપાનાનો પૈસાથી જુગાર રમતા હતા તે જગ્યાના પટ્ટમાંથી રોકડા રૂ. ૧૬૮૦/- તથા ગંજી પાના નંગ ૨૫ તમામ મુદામાલ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ, તેમજ આ મકાનના

લાઈટ બીલની માંગણી કરતા માલિક વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહિતના નામનુ રજુ કરેલ. જેને પુરાવામા આંક–૭૫ થી રજુ રાખેલ છે. અને સદર મકાનની જડતી તપાસ કરતા બીજી કોઈ વાંધાજનક ચીજ વસ્તુ મળી આવેલ નહી આ અંગેનુ વિગતવારનુ પંચનામુ તેઓએ કરી લીધેલ. આ કામેની ફરીયાદ તેઓની સાથેના પો હેડ કોન્સ.જગદિશભાઈ ચૌધરીનાએ આપેલ. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે પુરાવામાં આંક–૭૬થી રજુ છે.

તેઓને જુ.ધા. કલમ ૬ મુજબનું વોરંટ બતાવતા જે તપાસના કામે મેળવેલ તે જ હોવાનુ જણાવે છે જે પુરાવામાં આંક–૭૭થી રજુ છે.

બાદમા સદર ફરીયાદ ગુ. રજી. નં.૧૫૬૬/૨૧ જુ.ધા. કલમ ૪,૫ અને આઈ. પી. સી. કલમ ૧૮૮ વાળા થી દાખલ થઇ તેઓની તરફ ડેપ્યુટ થતા જે તેઓએ સંભાળી લીધેલ. સદર કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ અને ના. જીલ્લા મેજી. સાહેબ શ્રી કચ્છનાઓ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામુ મેળવી કામમા સામેલ રાખેલ જે પુરાવામાં આંક–૭૮થી રજુ છે.

તેઓએ તપાસના અંતે આરોપીઓ સામે પુરાવા પડતા હોઈ ના. કોર્ટમાં ચાર્જસીટ કમીટ કરેલ. આ કામમાં તેઓ સાથે હતા. તેઓ આરોપીને ઓળખે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, બાતમી કેટલા વાગ્યે મળી તે ફરીયાદમા નોંધેલ નથી, કહેવાતી રેડમાં કયા વાહનથી ગયા તેનો પ્રકાર કે નંબર ફરીયાદમા જણાવેલ નથી, કહેવાતી બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો છે, રેડ વાળા મકાનની માલિકી સંબંધે કોઈ આધાર મેળવેલ નથી, કોઈપણ ગંજીપાનામા નિશાની હોય છે, કહેવાતા ગંજીપાના સાચા છે કે ખોટા તે એક્સપર્ટનો ઓપીનીયન લીધેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે સાહેદ ઉર્વશી કુદંનલાલ રાજગોર ને આંક–૭૯ થી તથા ક્રિશાબેન હિરજીભાઈ કેરાઈને આંક–૮૦ થી તપાસવામાં

આવેલ છે. તેઓએ તેમની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૦૯.૦૭.૨૧ ના રોજ એ ડિવી. પો.સ્ટે. એ.એસ.આઇ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમિયાન બળવંતસિંહ જાડેજાને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહીત રે. સહજાનંદનગર મિરઝાપર રોડ ભુજ વાળા પોતાના રહેણાંકના મકાનમાં બહારથી ખેલીઓને બોલાવી તિનપત્તીનો હાર જીતનો જુગાર રમાડે છે. જે બાબતે રેડ કરવાની હોઈ નાયબ પો. અધિક્ષક શ્રી ભુજ વિભાગનાઓ પાસેથી રીપોર્ટ આપી વોરંટ નં. ૦૯-૨૧, તા.૦૯.૦૭.૨૧ વાળો પી.એસ.આઇ. સાહેબના નામનુ જુગાર ધારા કલમ ૬ મુજબનું વોરંટ મેળવીને બે પંચોના માણસો જેમા ૧. અજય ઉમિયાશંકર ગોર તથા ૨. અંજલી અશ્વિનભાઈ ગૌર રે. બન્ને ભુજ વાળાઓને પો. સ્ટે. બોલાવી, બાતમી અંગે સમજ કરી, પ્રથમિક પંચનામુ કરેલ. કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહોતી, બાતમી વાળી જગ્યાએ પોલિસ સ્ટાફ સાથે બે ખાનગી ફોર વ્હિલ વાહનોમાં બેસી સાથે રવાના થઇ મોટા બંધ થઇ કોલેજ રોડ થઇ પ્રિન્સ રેસીડેન્સી ત્રણ રસ્તાથી મિરઝાપર હાઇવે પોલિસ ચોકી પાસેથી સહજાનંદ નગરમાં આવેલ વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહીતના મકાનમા જઈ એક સ્ત્રી એ દરવાજો ખોલતા પોતે પોતાનુ નામ વાસંતિબેન ઉર્ફે ગોરાણીમા પ્રવિણભાઈ પુરોહિત હોવાનુ જણાવેલ અને મજકુર સ્ત્રીને જુ.ધા. કલમ ૬ ના વોરંટની સમજ કરી મકાનની અંદર કુડાણુ કરી ગંજીપાનાવડે જુગાર રમતા હોઈ અને વચ્ચે છુટાછવાયા ભારતિય ચલણ ના અલગ અલગ દરની નોટો વેર વિખેર પડેલ છે જેથી જુગાર રમતી મહિલાઓને સાથેના પોલિસ સ્ટાફ દ્વારા કોર્ડન કરી લઈ કુંડાળુ વાળી બેઠેલ મહિલાઓ અને પુરૂષને વારાફરતી પુછપરછ કરતા તેઓ દ્વારા ઝડતી તપાસ કરતા તેમના કબ્જામાંથી મળેલ.ચીજવસ્તુ પંચનામાની વિગતે કબ્જે કરેલ.

જેમાં, પ્રથમ મહિલાનું નામ પુછતા પોતાનુ નામ, વાસંતીબેન ઉર્ફે ગોરાણી પ્રવિણભાઈ પુરોહિત રે સહજાનંદ નગર મિરઝાપર તા ભુજ વાળા હોવાનું જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૮૩૦/- તથા સાદો મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

બીજા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ઉર્મિલાબેન ઉર્ફે નનકી અશોકભાઈ સોની વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૩૩૬૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

ત્રીજા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ગજરાબા જોરૂભા ચૌહાણ વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૨૨૩૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

ચોથા મહિલાનું નામ પુછતા તેણે પોતાનુ નામ, રૂપાબા ઉર્ફે રૂપકુંવર ઇન્દ્રસિંહ સોઢા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૮૨૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

પાંચમા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, જયશ્રીબેન ઉર્ફે નીતાબેન નંદલાલ સોનીવાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૪૩૯૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

છઠ્ઠા મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ગીતાબા ખેંગારજી જાડેજા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતા. તેના પાસેથી રોકડ રૂપિયા ૩૧૯૦/- તથા એક મોબાઇલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ..

સાતમી મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, હમિદાબેન ઇસ્માઇલ લુહાર વાળા હોવાનું જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૪૬૦/- તથા એક મોબાઇલ તથા

ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

આઠમી મહિલાનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ફરીદાબેન રમજુ રાયમા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૫૨૬૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ,

નવમો ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ, ઈબ્રાહિમ આદમ હિંગોરા વાળા હોવાનુ જણાવેલ તેની પંચો રૂબરૂ જડતી તપાસ કરતાં, તેના પાસેથી રોકડ રૂપિયા ૧૨૧૦/- તથા એક મોબાઈલ તથા ગંજીપાના નંગ ૩ મળી આવેલ જેને પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. આ તમામ વ્યકિતઓને જે જગ્યા પર ગંજીપાનાનો પૈસાથી જુગાર રમતા હતા તે જગ્યાના પટ્ટમાંથી રોકડા રૂ. ૧૬૮૦/- તથા ગંજી પાના નંગ ૨૫ તમામ મુદામાલ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ, તેમજ આ મકાનના લાઈટ બીલની માંગણી કરતા માલિક વાસંતીબેન પ્રવિણભાઈ પુરોહિતના નામનુ રજુ કરેલ. સદર મકાનની જડતી તપાસ કરતા બીજી કોઈ વાંધાજનક ચીજ વસ્તુ મળી આવેલ નહી આ અંગેનુ વિગતવારનુ પંચનામુ કિશોરસિંહ જાડેજાનાએ કરી લીધેલ. આ કામેની ફરીયાદ સાથેના પો.હેડ કોન્સ. જગદિશભાઈ ચૌધરીનાએ આપેલ. આ કામગીરીમાં તેઓ સાથે હતા. તેઓ આરોપીને ઓળખે છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, કહેવાતી રેડમાં કયા વાહનથી ગયા તેનો પ્રકાર કે નંબર ફરીયાદમા જણાવેલ નથી, કહેવાતી બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો છે, રેડ વાળા મકાનની માલિકી સંબંધે કોઈ આધાર મેળવેલ નથી, કોઈપણ ગંજીપાનામા નિશાની હોય છે, કહેવાતા ગંજીપાના સાચા છે કે ખોટા તે એક્સપર્ટનો ઓપીનીયન લીધેલ નથી.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે મુદામાલ જપ્ત કર્યાના પંચનામાના પંચ સાહેદ અજય ઉમીયાશંકર ગોરને આંક-૮૧ થી તપાસવામાં આવેલ છે અને

તેઓએ પંચનામાની નકલ આંક-૮૨ થી રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં તેમની સહી સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ આ સહી કેટલા સમય પહેલા કઇ જગ્યાએ કરેલી અને શી બાબતની કરેલી તેની તેઓને ખબર નથી, તેમજ પોલીસ સાથે કયાંય ગયેલ નથી અને તેઓની રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ જણાવેલ. જેથી સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિદ્વાન એ.પી.પી. શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

<u>**પુરાવાનું મુલ્યાંકન :-**</u>

(૧૨) ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને રાખતાં આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષના જ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદે મુદામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ ન હોય મુદામાલ કબજે કર્યાનું પંચનામું પુરવાર થતું નથી.

(૧૨.૧) નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા તાજેતરમાં રાજેશ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ ૨૦૨૩(૦) AIJEL-SC-72545 ના કે જેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત મુજબ પંચ સાહેદોનો ભાગ ખુબ જ અગત્યનો હોય, નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે ;

> 28. That apart, the manner in which the Investigating Officer (PW-16) went about drawing up the proceedings forms an important issue in itself and it is equally debilitative to the prosecution's case. In Yakub Abdul Razak Memon vs. State of Maharashtra through CBI, Bombay12, <u>this Court noted that the primary intention behind the 'panchnama' is to guard against possible tricks and unfair dealings on the part of the officers entrusted with the execution of the search and also to ensure that anything incriminating which may be said to have been found in the premises searched was really found there and was not introduced or planted by the officers of the search party.</u> It was further noted that the legislative intent was to control and check these malpractices of the officers, by making the presence of independent and respectable persons compulsory for search of a place and seizure of an article. It was pointed out that a panchnama can be used as corroborative evidence in the Court Cr.P.C. for the purposes of a valid panchnama : ......

......It was held that a panchnama would be inadmissible in a Court of law if it is recorded by the Investigating Officer in a manner violative of Section 162 Cr.P.C. as the procedure requires the Investigating Officer to record the search proceedings as if they were written by the panch witnesses themselves and it should not be recorded in the form of examining witnesses, as laid down in Section 161 Cr.P.C.

32. Witnesses to the panchnamas and the seizures acted as mere attestors to the documents and did not disclose in their own words as to how these objects were discovered, i.e., at whose instance and how. Ergo, no lawful validity attaches to these proceedings recorded by the police in the context of collection of all this evidence.

આ કામે પંચ સાહેદ પંચનામાની વિગતે બનાવ સ્થળેથી રેડ દરમ્યાન મુદામાલ કબજે લીધેલ હોય તેવી કોઈ હકીકત જુબાનીમાં જણાવેલ નથી. જેથી આ કામની રેઈડ દરમ્યાન પંચનામામાં જણાવ્યા મુજબનો મુદામાલ કબજે લીધેલ પૈકીનો છે કે કેમ તે બાબતે શંકા ઉદભવે છે. કબજે લીધેલ હોય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. જેથી આરોપી પાસેનું મુદામાલનું એકચુઅલ પઝેશન પુરવાર થતું નથી.

(૧૩) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો જોઈએ તો તપાસ કરનાર અમલદાર તથા પોલીસ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે એ સ્વાભાવિક છે પરંતુ પોલીસ સાહેદોના પુરાવાને અન્ય તટસ્થ અને સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળવું જોઈએ. રેડવાળા સ્થળની આજુબાજુ રહેણાંક વિસ્તાર તથા વસ્તીવાળો વિસ્તાર આવેલ હોવા છતાં તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી અને માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આક્ષેપિત ગુન્હો આરોપીઓએ કરેલ હોય તેવું પુરવાર માની શકાય નહીં. વળી, રેડવાળું મકાન આરોપી નં.૧ ના કબજા ભોગવટામાં હતું તે બતાવતો કોઈ આધાર/પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થતો નથી. આ કામે પંચસાહેદોએ તૈયાર પંચનામામાં સહી કરેલી તેમની હાજરીમાં પોલીસે કોઈ સ્થળે જુગારની રેડ કરી મુદામાલ કબજે કરેલ હોય કે કોઈ ઈસમની અટક કરેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. ઉલટાનું સદર પંચોની જુબાની જોવામાં આવે તો, તેઓ પોલીસ સાથે કયાંય ગયેલ નથી. તેઓની રૂબરૂમાં કોઈ પંચનામું કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે. જેથી

ઉપરોકત પંચસાહેદોના પુરાવાથી આંક–૮૨ થી રજુ પંચનામું તેમજ આંક–૭૭ થી રજુ જુગારધારા કલમ–૬ મુજબનું વોરંટ પુરવાર માની શકાય નહીં. હાલના કેસમા પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આથી ફરીયાદપક્ષનો કેસ સ્વતંત્ર સાહેદોના સમર્થનકારી પુરાવા વગર આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા શંકાસ્પદ બને છે.

(૧૪) આમ, ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કામના આરોપીના સભાનપણાના કબજા ભોગવટામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ હોવાનું પંચ સાહેદના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદપક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે પુરવાર થયેલ માની શકાય નહીં. સદરહુ ગુન્હાના કામે આરોપીને સાંકળી શકે તેવો કોઈ પુરાવો ના હોઈ ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તેવા સંજોગોમાં મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આ કામના આરોપીઓ નં. (૧) વાસંતીબેન ઉર્ફે ગોરાણીમા પ્રવિણભાઇ પુરોહીત રહે. સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ નં. (૨)ઉર્મિલાબેન ઉર્ફે નનકી અશોકભાઈ સોની રહે. સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ નં. (૩) ગજરાજબા જોરુભા ચૌહાણ રહે. સહજાનંદનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ નં. (૪) રૂપાબા ઉર્ફે રૂપકુવર ઈન્દ્રસિંહ સોઢા રહે. મફતનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ નં. (૫) જયશ્રીબેન ઉર્ફે નિતાબેન નંદલાલ સોની રહે. બળદિયા રોડ,નારણપર તા–ભુજ–કચ્છ નં. (૬) ગીતાબા ખેંગારજી જાડેજા રહે. મોમાઇ માતાના મંદીર પાસે, માનકુવા તા–ભુજ–કચ્છ નં. (૮) ફરીદાબેન ઉર્ફે ઈસ્માઈલ રાયમા રહે. મહાદેવનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ નં. (૯) ઈબ્રાહિમ આદમ હિંગોરા રહે. મહાદેવનગર, મિરઝાપર તા–ભુજ–કચ્છ ધંધો–મજુરી, ઉ.વ.૫૦ રહે.ભારાપર તા–ભુજ–કચ્છ વાળાઓને

ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ : ૨૫૫(૧) અન્વયે ધી ગુજરાત જુગાર અટકાયતી અધિનીયમ ની કલમ-૪, ૫ મુજબ તથા ઇ.પી.કો.ની કલમ ૧૮૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેંધરી માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ : ૪૩૭(એ) અન્વયે દરેક આરોપીઓએ રૂા.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓની " નો કલેઇમ પુરશીસ " હોઇ મુદામાલ રોકડ સરકાર ખાલસા કરવી તથા આ સિવાયની કિંમતી મુદામાલ કે વાહન/મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાના હુકમ અપીલ સમય વિત્યા બાદ બીનશરતી કાયમ કરવામાં આવે છે અન્યથા તેના માલિક અંગે યોગ્ય તપાસ/ખરાઈ કરી નિયમ મુજબની કાર્યવાહી કરી પરત સોંપવા. બિન કિંમતી મુદામાલનો નાશ કરવો.

હુકમ આજ તારીખ : ૧૪ થી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સાહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૪/૦૫/૨૦૨૬
ભુજ-કચ્છ

**(રાહુલ સતીશભાઈ સિંગલ)**
ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ-કચ્છ (કોડ નં. જીજે૦૧૪૧૦)

RLH